યાત્રાધામ અંબાજી માં આરોગ્ય બાબતે દવાખાના માં અપૂરતી સુવિધા ના પગલે આંદોલન ના મંડાણ કરાયા છે.અંબાજી ભારત ભરનુ મોટું તીર્થ સ્થળ છે જ્યાં અંબાજી મંદિર ટ્રેસ્ટ ધ્વારા કરોડો રૂપિયા ના ખર્ચે હોસ્પિટલ બનાવાયું છે પરંતુ અંબાજી ની આસપાસ બનતા અકસ્માતો ના બનાવ કે પછી મહિલાઓ ને લગતી કોઈ બીમારી માટે પૂરતા કોઈ ડોકટરો નથી છેલ્લા કેટલાક સમય થી અંબાજી માં ૩૦ થી ૪૫ વય ના અનેક યુવાનો હાર્ડ અટેક થી મોટ ને ભેટ્યા છે જેના આક્રોશ ને લયી અંબાજી ના યુવાનો દ્વારા એક લોખિત રક્ષક સમિતિ બનાવી અંબાજી ની હોસ્પિટલમાં પૂરતી સુવિધા મળી રહે તે માટે આંદોલન ના મંડાણ કર્યા છે જેને લયી વહીવટી તંત્ર ને વારંવાર આવેદન પત્ર આપી રજુવાત કરાઈ હતી પણ તેનો કોઈ નિકાલ ન આવતા અંબાજી બંદ નું એલાન અપાયું હતું જેને લયી આજે વહેલી સવાર થી જ અંબાજી ના તમામ બજારો બંદ જોવા મળ્યું હતું ને ક્યાંક એકલ દોકલ દુકાનો ખુલ્લી હતી તેને પણ લોક હિટ રક્ષક સમિતિ ના કાર્યકર્તા ઓ એ બંદ કરાવી હતી એટલુંજ નહીં અંબાજી હોસ્પિટલ ના પેચિતા બનેલા પ્રશ્નો નો કાયમી ઉકેલ નહીં આવે તો લોક હિત રક્ષક સમિતિના કન્વીનર લોકેશ જૈન એ આત્મ વિલોપન ની ચીમકી પણ ઉચારવા માં આવી છે. આ હોસ્પીટલ માં મકાન મોટુ છે પણ સ્ટાફ ઘણો નાનો છે ને પુરતા સાધનો પણ નથી પરીણામે લોકો ને મોત નો સામનો કરવો પડે છે જેના માટે અંબાજીની લોક હીત રક્ષક સમીતીદ્વારા બજારો બંધ રાખી આંદોલન ની શરુ આત કરી છે જોકે સવારથી બજારો બંદ રાખી ચાલી રહેલા આંદોલન ને પુર્ણ કરવા આજે બપોર ના સમયે હોસ્પીટલ સંચાલક મંડળ ના વહીવટદાર અને હોસ્પીટલ ના સુપ્રીટેન્ડેન્ટ ધરણા સ્થળે પહોચ્યા હતા ને આંદોલનકારીઓ ને સમજાવવા ના પ્રયાશો કર્યા હતા અને હોસ્પીટલ ને સરકાર માં સોંપવાની પ્રક્રીયા ચાલી રહી છે અને સરકાર અને મંદિર સાથે એમ ઓ યુ .થવાના છે તે બાબતે લેખીત બાહેધરી પણ આપી હતી પણ લેખીત પત્ર માં પ્રશ્ન ના નિકાલ માટે નો કોઈજ સમય ન અપાતા આંદોલનકારીઓ માં રોષ ની લાગણી જોવામળી હતી અને અંતે સમાધાન ન થતા વહીવટદાર એસ.જે.ચાવડા અને હોસ્પીટલ ના સુપ્રીટેન્ડેન્ટ ડો.મનસુખ ભાઈ પટેલ સ્થળ પરથી ચાલ્યા ગયા હતા ને આંદોલનકારીઓ પોતાનો આંદોલન વધુ વેગવાન બનાવવાની જાહેરાત કરી હતી અને બંધ ના એલાન ને યથાવત રાખી આવતીકાલે પણ બજારો બંધ રાખવા જાહેરાત કરવા માં આવી થે અને જરુર પડે તો રસ્તારોકો આંદોલન ને સામુહીક આત્મવિલોપન ની પણ જાહેરાત સહ કન્વીનર લોક હિત રક્ષક સમિતિ ના હરીશ ભાટી દ્વારા કરવામાં આવી છે. તેમણે જણાવ્યુ હતુ કે અંબાજી અમને હોસ્પીટલ ના સંચાલક અને મંદિર ના વહીવટદારે સંતોષ કારક જવાબ ન આપતા અમારુ આંદોલન ચાલુ રાખેલ છે ને હવે અમારા આંદોલન ને વધુ ઉગ્ર બનાવીશુ અને આવતી કાલે પણ અંબાજી બંધ રાખવાની જાહેરાત કરાઈછે અને જરુર પડે તો રસ્તા રોકો આંદોલન અને સામુહીક આત્મવિલોપન પણ કરીશુ.

બનાસકાંઠા જિલ્લા પ્રશાસન દ્વારા ભૂકંપની મોકડ્રીલ યોજાઈ

ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા ટાણે મોકડ્રીલ સામે નાગરિકોમાં રોષ

સરહદી બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રએ જીલ્લા મથક પાલનપુરમાં ભૂકંપની મોકડ્રિલ યોજી લોકો ને જાણકારી આપી હતી. બનાસકાંઠા જીલ્લાનું સમગ્ર વહીવટીતંત્ર ભૂકંપની મોકડ્રિલ માં જોડાયું હતું. પાલનપુર શહેરમાં જુદા-જુદા ત્રણ સ્થળે ભૂકંપની મોકડ્રિલ યોજવામાં હતી. ભૂકંપ જેવી ઘટના સેકંડોમાં બનતી હોય છે. ત્યારે અચાનક આવતા આ ભૂકંપમાં તંત્રએ કઈ રીતે કામ કરવું તેમજ કઈ રીતે લોકો ને બચાવવા તે માટે ની જાણકારી મળી રહે અને લોકો માં પણ આ અચાનક આવતા ભૂકંપ ને લઈ જાણકારી મળે તે માટે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલમાં આર્મીના જવાનો, એન.ડી. આર. એફ.ની ટિમ, ડોકટરો, ફાયર ફાઈટર, ૧૦૮ ટીમ, જે.સી.બી સહિત અધિકારીઓ અને કર્મચારીઓએ જોડાઈ ૨ કલાક સુધી આ મોકડ્રીલ યોજી હતી. પાલનપુર શહેરના ગુરુનાનક ચોક પોલીસ હેડ ક્વાટર, પોલીટેક્નિક કોલેજ તેમજ દાંતીવાડા ડેમ પાસે મોકડ્રિલ યોજાઈ હતી .ભૂકંપ મોકડ્રિલ ને લઈ જીલ્લા કલેકટર દિલીપ રાણાએ પણ કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

ભૂકંપની મોકડ્રીલથી પરીક્ષાર્થી અને વાલીઓમાં ભયનો માહોલ છવાયો

બોર્ડની પરીક્ષા ટાણે વહીવટી તંત્રએ જીલ્લા મથક પાલનપુરમાં ભૂકંપની મોકડ્રિલ યોજી સૌને ભયના વાતાવરણમાં મૂકી દીધા હતા. બનાસકાંઠા જીલ્લામાં બોર્ડની પરીક્ષામાં ૮૭ હજાર થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. એવામાં ભયભીતનું વાતાવરણ ઉભું કરવા વહીવટીતંત્ર એ ભૂકંપની મોકડ્રિલ યોજતા વાલીઓમાં નારાજગી જોવા મળી હતી. જીલ્લાનું આખું વહીવટીતંત્ર ભૂકંપ મોકડ્રિલ માં જોડાયું હતું. પાલનપુર શહેરમાં જુદા-જુદા ત્રણ સ્થળે ભૂકંપ મોકડ્રિલ ગોઠવતા શહેરમાં કલાકો સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આર્મીના જવાનો, ડોકટરો, ફાયર ફાઈટર, ૧૦૮ ટીમ, જે.સી.બી સહિત અધિકારીઓ અને કર્મચારીઓ પણ ચાર કલાક સુધી નાટક ચાલ્યું હતું. બીજી તરફ ભૂકંપ મોકડ્રિલ સમયે જીલ્લા કલેકટર દિલીપ રાણા એ પણ કર્મચારીઓને માર્ગદર્શન આપવાને બદલે પોતાના મોબાઈલ થી વિડીયો ઉતારતાં દ્રશ્યો પણ કેમેરામાં કેદ થયા હતા.

મીડિયા સાથેની વાતચીતમાં જીલ્લા કલેકટર દિલીપ રાણાએ ભૂકંપ મોકડ્રિલ અંગેના આયોજન પર વિસ્તૃત પ્રકાશ પડ્યો હતો જોકે મીડિયા દ્વારા બોર્ડની પરીક્ષા સમયે ભૂકંપ મોકડ્રિલ પર પૂછતાં પોતાનો બચાવ રજૂ કરતા જણાવ્યું હતું કે બે દિવસ અગાઉ ભૂકંપ મોકડ્રિલ યોજવાની છે તે અંગેની અમે મીડિયા મારફતે જાણકારી આપી દીધી હતી.

બોર્ડની પરીક્ષા ટાણે મોકડ્રીલ ?

જોકે, ધો૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ટાણે યોજાયેલી મોકડ્રીલને પગલે લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. મોકડ્રીલને લઈને ૧૦૮ અને ફાયર ફાઈટર સહિત પોલીસવેનની સાયરનો ગુંજી ઉઠતા મોકડ્રીલથી અજાણ છાત્રો સહિત વાલીઓમાં દહેશતની લાગણી ફેલાઈ ગઈ હતી. લોકોએ તંત્રના નિર્ણય સામે ફિટકારની લાગણી વરસાવી હતી. ગુરુનાનક ચોક ખાતે ટ્રાફિક જામ થતા અનેક લોકો હેરાન પરેશાન થઇ ગયા હતા. ધોમધખતી ગરમીમાં અબાલવૃદ્ધ સૌ કોઈને હેરાનગતિ નો ભોગ બનવાનો વારો આવ્યો હતો. મોકડ્રીલ યોજવાના સમય અને સ્થળ પસંદગીમાં કાચું કપાતા લોકોએ તંત્રના નિર્ણય સામે રોષ વ્યક્ત કરતા મતદાનના દિવસે કેમ મોકડ્રીલ યોજવામાં નથી આવતી તેવા અણીયાળા સવાલો કર્યા હતા. વળી, મોકડ્રીલ ગોપનીય રાખીને કરાય તો જ જે-તે સરકારી ડીપાર્ટમેન્ટની સતર્કતા જાણી શકાય. જોકે, અહીં તો જાહેર કર્યા બાદ મોકડ્રીલ યોજતા સમગ્ર કવાયત માત્ર પ્રતિકાત્મક બની રહી હોવાની લાગણી લોકોએ વ્યક્ત કરી હતી.

મેઘરજ ગ્રામ પંચાયતના સફાઈ કામદારો હડતાલ પર

અરવલ્લી જીલ્લાના મેઘરજ ગ્રામ પંચાયત નજીક ગુરુવારે મેઘરજ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા સફાઈ કામદારો તેમીની પડતર માંગણીઓને લઈને અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા હતા. સફાઈ કામદારોના જણાવ્યા અનુસાર તેમને નિયમિત પગાર મળી રહે, સફાઈ કામગીરી સમયે કીટ ઉપલબદ્ધ કરવાની સાથે વિમાનો લાભ આપવાની માંગ સાથે તેમની માંગ નહિ સંતોષાય ત્યાં સુધી મેઘરજમાં સફાઈની કામગીરીથી અળગા રહેવાનો નિર્યણ કરતા તેમની માંગણીઓ પર અડગ હોવાનું જણાવ્યું હતું.

મહેસાણા અને આંબલિયાસણના બે ડૉક્ટરોના સોનોગ્રાફી મશીન સીલ

મહેસાણા, તા. ૧૬

મહેસાણાની જિલ્લા આરોગ્ય વિભાગે પીએનડીટી એક્ટના ભંગ બદલ સ્થાનિક મહેસાણા અને આંબલિયાસણના બે ડૉક્ટરોના સોનોગ્રાફી મશીન સીલ કર્યા છે. જ્યારે આ સીલ મારતા જિલ્લાના ડૉક્ટરોમાં ફફડાટ પ્રસર્યો છે. આંબલિયાસણના ડૉક્ટરે આપેલો ખુલાસો તંત્રના ગળે નહીં ઉતરતા તેમનું રજીસ્ટ્રેશન પણ રદ કરવાનો નિર્ણય લીધો છે. જ્યારે મહેસાણાના ડૉક્ટરે સરત ચૂકથી લખાણ લખાયુ નથી જેના કારણે સોનોગ્રાફી મશીન સીલ થયું છે તેમ જણાવ્યું હતું.

તાજેતરમાં ભારત સરકાર દ્વારા સ્ત્રી સશક્તિકરણની વાત સાથે સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા અને સ્ત્રી જન્મદર વધારવાનો પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. મહેસાણા જિલ્લા આરોગ્ય શાખા દ્વારા જિલ્લા આરોગ્ય વિભાગે તાજેતરમાં હાથ ધરેલી તપાસમાં પીએનડીટી એક્ટની જોગવાઈનો ભંગ થતાં માલુમ પડ્યું હતું. આ જાણ સાથે મહેસાણા અને એક ડૉક્ટર અને એક મહેસાણના આંબલિયાસણના ડૉક્ટરના સોનોગ્રાફી મશીન સીલ કરી દીધા છે. જેમાં મહેસાણામાં આવેલા બી.કે. રોડ પરના ડૉ. તેજસ પ્રજાપતિના શારદા મેટરનિટી હોમમાં તપાસ કરી પીએનડીટીની એક્ટ અંતર્ગત રેકર્ડની યોગ્ય રીતે જાળવણી થયેલી ના હોઈ ડેટા લોસ ના થાય તે માટે તેમનું સોનોગ્રાફી મશીન સીલ કરી નાખ્યુ છે. જ્યારે આ સમગ્ર મામલે ડૉક્ટરે એમ કહ્યું હતું કે અમો પેસન્ટને સાચવવામાં ભુલ કરી છે પરંતુ આ બાબતે યોગ્ય તજવીજ જે ગર્ભ પરિક્ષણ કરે છે તેમની સામે થવુ જોઈએ.

વાત્રક ડેમમાંથી બંને કાંઠાની કેનાલમાં વધુ પાણી છોડવાની ખેડૂતોની માંગ

અરવલ્લી જીલ્લાના સૌથી મોટા ડેમ એવા વાત્રક ડેમની જમણી અને ડાબી કાંઠાની કેનાલોની પાણીની ખેતી પર નભતા અને પશુપાલકોને ઉનાળામાં પીવાના પાણી મળી રહે તે માટે ખેડૂતોએ વાત્રક ડેમમાંથી હજુ પણ બે ત્રણ રાઉન્ડ પાણી છોડવાની ખેડૂતોએ માંગ કરી હતી. કેનાલ પિયતના ભરોશે આગોતરું વાવેતર મોંઘાદાટ બિયારણો, ખેત મજૂરી અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરનાર ખેડૂતોએ વાત્રક ડેમમાંથી વધુ પાણી છોડવાની માંગ કરી હતી. જવાબદાર તંત્ર દ્વારા કેનાલમાં પાણી નહિ છોડવામાં આવે તો ઉનાળુ વાવેતર માટે કરેલ જંગી ખર્ચ માથે પડવાની સાથે દેવાના ડુંગર તળે દટાઈ જવાની નોબત આવશે તેમ જણાવી વધુ બે ત્રણ રાઉન્ડ પાણી છોડવાની ખેડૂતોએ માંગ કરી હતી.

પ્રાંતિજ વેરાઈમાતા મંદિરે ૩૧મો નવરાત્રી મહોત્સવ ઉજવાશે

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ તા. ૧૮મી માર્ચથી થશે. ઠેર-ઠેર મા દુર્ગાઓના મંદિરે કળશ, સ્થાપન, પૂજન, અર્ચન દુર્ગાષ્ટમી હવન સહિતના ભવ્ય ધાર્મિક પ્રોગામોના આયોજનની તડામાર તૈયારીઓ થઈ રહી છે.

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ વેરાઈ માતાજીના મંદિર વેરાઈ માતા યુવક મંડળ દ્વારા ચૈત્રી નવરાત્રીની ભવ્યાતિભવ્યપણે ઉજવણીનું આયોજન આયોજકો દ્વારા કરવામાં આવ્યું છે. સ્થાપન, પૂજા, ચર્ચન ઉપરાંત નવે નવ દિવસ માતાજીના રાસ-ગરબા ગાવા ગવડાવવાનુ પણ સુંદર આયોજન ગોઠવવામાં આવ્યું છે. તંત્રએ પણ નવરાત્રી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ના ઘટે તે માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે. નોમના હવનનુ પણ સુંદર આયોજન ગોઠવાયું છે અને ૩૧માં ચૈત્રીનવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સોનાસણ, સોનગઢ પાસેના ૪૦૦ વરસ પુરાત વહાણવટી માતાજીના મંદિરે પણ હોમ હવન, દુર્ગાષ્ટમી ઉજવણીનું સુંદર આયોજન આયોજકો દ્વારા ગોઠવવામાં આવ્યું છે.

થરાદના ડોડ ગામમાં પશુઆહારના ગોડાઉનમાં આગ લાગતાં દોડધામ

બુધવારના સવારના સુમારે થરાદ તાલુકાના ડોડ ગામમાં આવેલ દૂધ મંડળીના પશુઆહાર રાખવાના ગોડાઉનની બહાર આવેલી બાવળની ઝાડીમાં અચાનક આગ લાગતા ઉત્તેજના સાથે અફરાતફરીનો માહોલ ફેલાવા પામ્યો હતો. ગ્રામજનોએ આ અંગે થરાદ નગરપાલિકાને જાણ કરી આગ ઓલવાનો પ્રયાસ કર્યો હતો. જોકે થરાદ નગરપાલિકાના ફાયર ફાઈટરે દોડી જઈ જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. આગના કારણે કોઈ નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા ન હતા. આ બનાવને પગલે ભારે દોડધામ મચવા પામી હતી.

જી.વી. વાઘેલા આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ વખા ખાતે સપ્તમ વાર્ષિકોત્સવ યોજાયો

દિયોદર, તા. ૧૬

દિયોદર તાલુકાનાં વખા ખાતે આવેલ જી.વી. વાઘેલા આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજમાં સપ્તમ વાર્ષિકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ, કેળવણી અને સંસ્કાર સિંચનની સરિતાનાં પોષણમાં કોલેજનાં જ્ઞાન, સર્જનાત્મકતા, કલા કૌશલ્યયુક્ત વિદ્યાર્થી પ્રતિભાઓનાં સર્જનાત્મકતા કેળવાય તેવા ઉમદા હેતુથી સપ્તમ વાર્ષિકોત્સવ-૨૦૧૮નું આયોજન ગુજરાત વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષ ગુમાનસિંહજી વાઘેલા, શ્રી શ્રી ૧૦૦૮ ઓગડ મહંત બળદેવનાથજી બાપુની નિશ્રામાં યોજાઈ ગયો.

મહાનુભાવોનાં હસ્તે દિપ પ્રાગટ્ય કરીને કોલેજની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીતથી ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યુ હતું. વર્તમાનમાં યોજાયેલી તાલુકા પંચાયતની ચૂંટણીમાં દિયોદર તાલુકા પંચાયતનાં પ્રમુખ પદે સ્થાન શોભાવનાર ચિત્રલેખાકુંવરબા પ્રવિણસિંહ વાઘેલા અને ઉપ પ્રમુખ સહિતનાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજમાં વર્ષ દરમિયાન કરવામાં આવેલી કામગીરીનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. કોલેજમાં વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ અને અભ્યાસ દરમિયાન બી.એ., બી.કોમ. અને સાયન્સ વિભાગમાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીઓનું સન્માન પત્ર, ટ્રોફી આપી મહાનુભાવોનાં હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરીને હાલમાં સરકારનાં વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતા. કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. સપ્તમ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.